(૨) ડિબેન્ચર હોલ્ડરોએ તેમના વ્યાજની લેણી નીકળતી રકમ જતી કરવી.

(૩) પ્રેફરન્સ શેર હોલ્ડરોએ તેમના પઢેલ ડિવિડન્ડના હક જતાં કરવાં અને તેના બદલામાં ₹૨૫૦૦૦/- રોકડા આપવા.

(૪) ઉપર મુજબની યોજના અમલમાં મૂક્યા બાદ રહેતા મૂડી ઘટાડા ભંડોળનો ઉપયોગ મિલકતોની કિંમત ઘટાડવા નીચે મુજબ કરવો.

મિલકતો નીચે દર્શાવેલ કિંમતથી ઘટાડવી.

જમીન અને મકાન - ₹૧૦૦૦૦૦/- પ્લાન્ટ અને યંત્રો - ₹૧૦૦૦૦૦/-

પેટન્ટ - ₹૧૫૦૦૦૦/- ફર્નિચર - ₹૨૦૦૦૦/-

(૫) પાઘડી, નફા-નુકશાન ખાતું (ઉધાર બાકી) તેમજ પ્રાથમિક ખર્ચાની બાકી માંડી વાળવી.

(૬) દેવાદારો પર ૫% લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરવી.

ઉપરની યોજના અલમાં મૂકવા જરૂરી આમનોંધ લખો અને સુધારેલ પાકું સરવૈયું તૈયાર કરો.

**અથવા**

પ્ર. ૩ આનંદ લિ.નું તારીખઃ ૩૧-૦૩-૨૦૧૭ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે. (૧૫)

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| ૧૦%ના પ્રેફ. શેર દરેક ₹૧૦૦/- નો એક એવા | ૧૫૦૦૦૦ | પાઘડી | ૮૨૦૦૦ |
| | | જમીન અને મકાન | ૩૦૦૦૦૦ |
| ઈક્વિટી શેર ₹૧૦/-નો એક એવા | ૫૦૦૦૦૦ | યંત્રો | ૧૪૫૦૦૦ |
| ૧૨%ના ડિબેન્ચર્સ | ૧૬૦૦૦૦ | રોકાણો | ૩૫૦૦૦ |
| ડિબેન્ચર પર ચઢેલ વ્યાજ | ૧૯૨૦૦ | સ્ટોક | ૧૪૫૦૦૦ |
| ડિરેક્ટરની લોન | ૩૦૦૦૦ | દેવાદારો | ૪૦૦૦૦ |
| લેણદારો | ૧૪૪૮૦૦ | બેંકસિલક | ૧૪૭૦૦૦ |
| સંભવિત દેવું: કંપની સામે નુકશાનીનો દાવો - ૪૬૦૦૦/- | --- | પ્રાથમિક ખર્ચા | ૨૪૦૦૦ |
| | | નફા-નુકશાન ખાતું | ૮૬૦૦૦ |
| | ૧૦૦૪૦૦૦ | | ૧૦૦૪૦૦૦ |

નીચે મુજબની મૂડી ઘટાડાની યોજના સ્વીકારવામાં અને અમલમાં મૂકવામાં આવી.

(૧) પ્રેફરન્સ શેર, શેર દીઠ ₹૯૦/- સુધી ઘટાડવાના છે.

(૨) ઈક્વિટી શેર, શેર દીઠ ₹૩/- લેખે ઘટાડવાના છે.

(૩) ડિબેન્ચર હોલ્ડરો પોતાનું ચઢેલું વ્યાજ જતું કરવા સંમત થયા અને પોતાને લેણી થતી રકમની અંશતઃ ચૂકવણી પેટે ₹૧૦૦૦૦૦/-ની કિંમતે જમીનનો એક ટુકડો કે જેની ચોપડે કિંમત ₹૮૦૦૦૦/- છે તે લેવા સંમત થયા.

(૪) બાકીની જમીન-મકાનની કિંમત ₹૨૫૦૦૦૦/- આંકવામાં આવી છે.

(૫) રોકાણોનાં ₹૩૯૦૦૦/- ઉપજ્યા.

(૬) પુનઃરચના ખર્ચ ₹૧૫૦૦૦/- થયો.

(૭) કંપની સામે નુકશાની દાવાનું સંભવિત દેવું ચૂકવવાનું થયું. પરંતુ કંપનીએ એક ડિરેક્ટર જેના ₹૩૦૦૦૦/- કંપનીના ચોપડે જમા હતા તેના પાસેથી આ નુકશાનીની રકમ કાપી લીધી.

(૮) અદશ્ય મિકલતો માંડી વાળવાની છે.

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. મૂડીઘટાડા ખાતું તૈયાર કરો અને મૂડીઘટાડા બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.